પોલીસ કમિશ્નરની કચેરી, વડોદરા શહેર
પોલીસ ભવન, જેલ રોડ, વિશેષ શાખા
કચેરી ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦
કંટ્રોલ રૂમ ફેક્સ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
e-mail : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંક :G/CP/વિ.શા./જાહેરનામું/ બકરી ઇદ / ૨૯૬૪ /૨૦૨૧ તા. ૧૯/૦૭/૨૦૨૧

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ:**

આગામી તા.૨૧/૦૭/૨૦૨૧ નારોજ મુસ્લિમ ધર્મનો બકરી ઇદ (ઇદ-ઉલ-અઝા) નો તહેવાર આવે છે. આ તહેવારની ઉજવણી પ્રસંગે અમુક પ્રકારના જાનવરોની કુરબાની આપવામાં આવે છે, અને આ કુરબાની જાહેર કે ખાનગી સ્થળે, મહોલ્લા કે ગલીમાં દેખાય તે રીતે કોઇપણ પશુની કતલ કરવાથી અન્ય ધર્મ/સમુદાયના લોકોની લાગણી દુભાવાના કારણે સુલેહ શાંતીનો ભંગ થવા સંભવ રહે છે. હાલમાં સમગ્ર દેશમાં કોરોના વાયરસની મહામારી ચાલી રહેલ હોય, જે અંગે સરકારશ્રી દ્વારા વખતોવખત ગાઈડલાઈન બહાર પાડી કોરોના વાયરસને નિયંત્રિત કરવા માટેના તમામ તકેદારીના પગલાં લેવામાં આવી રહેલ છે, તેમજ હાલમાં પણ કોરોનાનું સંક્રમણ વધી રહેલ છે. ત્યારે જુલાઇ-૨૦૨૧ ની સરકારશ્રીની ગાઈડલાઈનમાં તહેવારોની ઉજવણીમાં વધુ છુટછાટો મળે તેવી શક્યતા ઘણી જ ઓછી છે. આથી પરિસ્થિતીને ધ્યાને લેતાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે સારૂ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ - સને.૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ મુજબના પગલાં લેવા જરૂરી જણાય છે.

જેથી વડોદરા શહેર વિસ્તારમાં આવેલ મોટી મસ્જીદો, ઈદગાહોમાં બકરી ઈદના તહેવાર અન્વયે મોટા પ્રમાણમાં લોકો નમાજ માટે એકત્રીત થવાનો કે ઝુલુસ યોજવાની શક્યતા હોય તેવા ધાર્મિક આગેવાનો/ટ્રસ્ટીઓ/સંચાલકો/મૌલવીઓને કોવીડ-૧૯ અન્વયે ભારત સરકારશ્રીની ગાઈડલાઇન મુજબ યોગ્ય સમજ કરવી જરૂરી છે.

વાસ્તે હું ડો.શમશેર સિંઘ, આઈ.પી.એસ, પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, વડોદરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ - સને.૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, તા.૨૦/૦૭/૨૦૨૧ ના કલાક:૦૦/૦૦ થી તા.૨૨/૦૭/૨૦૨૧ ના કલાક:૨૪/૦૦ સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરી નીચે મુજબ હુકમ કરૂ છું.

(૧) કોઈપણ વ્યક્તિએ કોઈપણ પશુની ખાનગી સ્થળે, મહોલ્લા કે શેરીમાં વિગેરે જગ્યાએ જાહેર જનતાને દેખાય તે રીતે કતલ કરવી નહિ તેમજ કોઇપણ પ્રાણીને શણગારીને કે એકલા અગર સરઘસ આકારે જાહેરમાં લઈ જવા કે ફેરવવા નહિ.

(૨) બકરી ઇદ તહેવાર નિમીતે કુરબાની પછી જાનવરના માંસ, હાંડકા અને અવશેષો જાહેરમાં ફેંકવા નહિ.

(૩) COVID - 19 ની મહામારી ચાલતી હોય તમામ વ્યક્તિઓએ ફરજિયાત માસ્ક પહેરવાનું રહેશે તથા સોશ્યલ ડીસ્ટન્સ જાળવવાનું રહેશે.

(૪) જાહેર જગ્યામાં કોઇપણ વ્યક્તિએ થુંકવુ નહિ.

(૫) ભારત સરકાર તથા ગુજરાત સરકારના COVID 19 ને અટકાવવા માટેના વખતો-વખતના હુકમોથી આપવામાં આવેલ આદેશો તથા માર્ગદર્શક સુચનાઓનો તમામે ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

**વિસ્તાર :-**

વડોદરા શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

**શિક્ષા :-**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરના ભારતીય ફોજદારી અધિનિયમ સને.૧૮૬૦ ના અધિનિયમ-૪૫ ની કલમ ૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

## જાહેર વિજ્ઞાપન

આથી હું આદેશ આપુ છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આ હુકમ અન્વયે વડોદરા શહેર કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુકત પો.કમિ.શ્રીના દરજ્જાથી પો.સ.ઈ.સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ફોજદારી અધિનિયમ સને.૧૮૬૦ ની કલમ.૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ: ૧૯ માહે જુલાઇ – ૨૦૨૧ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

(ડો.શમશેર સિંઘ)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

પ્રતિ,

(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે. ઈન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ
(૩) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઈન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધિ કરાવવા સારૂ
(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

**જય ભારત સહ નકલ રવાના :-**

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા
(૩) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા
(૪) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૫) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા
(૭) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.
(૮) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.
(૯) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઈન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પોલીસ સ્ટેશન, વડોદરા.
(૧૦) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૧૧) મેનેજરશ્રી,સરકારી પ્રેસ,વડોદરા (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)
(૧૨) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૩) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.
(૧૪) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

**૨/- સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી સહ.**